# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અષાઢ સુદ - ૦૮ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૨ ● તારીખઃ ૨૧.૦૭.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

દુનિયા દેખાડો જોવે છે નિયત નહી, ઈશ્વર નિયત જોવે છે દેખાડો નહીં!

## રાષ્ટ્રિય પરીક્ષાઓમાં ગેરરીતિ સામે દિલ્હીમાં જનઆક્રોશઃ સંસદ કૂચ દરમિયાન વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને ટીયરગેસ

### આંદોલનકારીઓએ કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાને સોંપ્યું આવેદનપત્રઃ ૩ મુખ્ય માંગણીઓ રજૂ કરાઈ





**સમય સંદેશઃ નવીદિલ્હી**

લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અને NEET-UG 2026 પેપર લીકના વિરોધમાં ગઈકાલે પાટનગર દિલ્હીમાં અભૂતપૂર્વ જનઆક્રોશ જોવા મળ્યો હતો. હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓએ સંસદ ભવન તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સુરક્ષા દળોએ તેમને રોકવા માટે મલ્ટિ-લેયર બેરિકેડ્સ ગોઠવ્યા હતા. ગુસ્સે ભરાયેલા પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કરતાં જંતર-મંતર રણમેદાનમાં ફેરવાયું હતું. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે દિલ્હી પોલીસે વ્યાપક લાઠીચાર્જ કર્યો હતો અને ટીયરગેસના શેલ છોડયા હતા, જેમાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા અને તણાવને પગલે આસપાસના વિસ્તારોમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ કરી દેવી પડી હતી.

### સીજેપીના પ્રદર્શન વચ્ચે પંજાબથી હજારો ખેડૂતો દિલ્હી કૂચ માટે રવાના

સંસદના ચોમાસું સત્ર વચ્ચે ગઈકાલે સોમવારે દેશની રાજધાની દિલ્હીમાં એકસાથે બે મોટા આંદોલનોને કારણે રાજકીય ગરમાવો આવી ગયો છે અને સુરક્ષા દળો હાઇ એલર્ટ પર મુકાયા છે. ગઈકાલે કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનથી સંસદ ભવન આસપાસ ભારે તંગદીલીભર્યો માહોલ સર્જાયો હતો, ત્યાં બીજી તરફ ભારત-અમેરિકા પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારને રદ કરવાની મુખ્ય માંગ સાથે પંજાબના અમૃતસર અને ગુરદાસપુર સહિત વિવિધ જિલ્લાઓમાંથી હજારો ખેડૂતોનો વિશાળ કાફલો બસો અને અન્ય વાહનો દ્વારા દિલ્હી તરફ રવાના થતાં સરકાર માટે બેવડો પડકાર ઊભો થયો છે.

એક તરફ રસ્તા પર ઉગ્ર આંદોલન ચાલી રહ્યું હતું, ત્યારે બીજી તરફ કૂચનું નેતૃત્વ કરી રહેલા CJP સંગઠને ગઈકાલે બપોરે ૨:૧૫ વાગ્યે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી અને એક વિસ્તૃત આવેદનપત્ર સોંપ્યું હતું. સંગઠનના પ્રવક્તા આશુતોષ રાંકાના જણાવ્યા અનુસાર, સરકાર સમક્ષ ૩ મુખ્ય માંગણીઓ રાખવામાં આવી છે જેમાં ભૂખ હડતાળ પર ઉતરેલા સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને હોસ્પિટલમાંથી તાત્કાલિક અને બિનશરતી મુક્ત કરવામાં આવે, પરીક્ષા સિસ્ટમની નિષ્ફળતા બદલ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે અને પેપર લીકથી હતાશ થઈને આત્મહત્યા કરનારા NEET ઉમેદવારોના પરિવારોને ૧-૧ કરોડ રૂપિયાનું આર્થિક વળતર આપવામાં આવે. મંત્રી જે.પી. નડ્ડાએ આ

અનુ પાના નં.૨ પર

### દાન વિવાદઃ SITનું પુનર્ગઠન કરવામાં આવેનો સુપ્રીમ આદેશ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલને કહ્યું છે કે તેઓ ઉત્તર પ્રદેશ સરકાર સાથે ચર્ચા કરીને જણાવે કે રામ મંદિર દાન કેસની તપાસ માટે રચાયેલી SITનું પુનર્ગઠન કરી શકાય કે નહીં. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું કે સુપ્રીમ કોર્ટ ઇચ્છશે કે આ તપાસનું નેતૃત્વ એવા વરિષ્ઠ IPS અધિકારી દ્વારા કરવામાં આવે જેને આવી પ્રકારની તપાસનો અનુભવ હોય.

સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોને આ મામલાનું રાજકીયકરણ ન કરવાની સલાહ આપી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે અદાલતો રાજકારણ માટેનું મંચ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ સીધો ફોજદારી ગુનાનો મામલો છે અને અદાલત માત્ર એટલું સુનિશ્ચિત કરવા માગે છે કે તેની યોગ્ય રીતે તપાસ થાય. સોલિસિટર જનરલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આ કેસમાં લગાવવામાં આવેલા આરોપોની તપાસ માટે SITની રચના

અનુ પાના નં.૨ પર

### મેસ્સીનું સ્વપ્ન રોળાયુંઃ સ્પેને આર્જેન્ટિનાને ૧-૦ થી હરાવી ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬નું ટાઇટલ જીત્યું, મેળવી ઐતિહાસિક ઇનામી રકમ




**સમય સંદેશઃ ડેસ્ક**

યુનાઇટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકોમાં રમાયેલા ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ને આખરે ગઈકાલે રવિવાર, ૧૯ જુલાઈના રોજ નવો ચેમ્પિયન મળ્યો હતો. સતત બીજું ટાઇટલ જીતવાનું સ્વપન જોતા આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સીનું સ્વપન છેલ્લી ઘડીએ ચકનાચૂર થઈ ગયું હતું. રોડ્રીની કેપ્ટનશીપ હેઠળ રમેલી સ્પેનની ટીમે આ હાઈવોલ્ટેજ ફાઇનલ મેચ ૧-૦ થી જીતીને ઇતિહાસ રચ્યો હતો. લિયોનેલ મેસ્સી જેવો મહાન ખેલાડી પણ સ્પેનના અભેદ્ય ડિફેન્સને ભેદી શક્યો ન હતો, જેણે સમગ્ર ટુર્નામેન્ટની આઠ મેચોમાં ફક્ત એક જ ગોલ ગુમાવ્યો હતો. ૨૦૧૦ પછી સ્પેનનું આ બીજું વર્લ્ડ કપ ટાઇટલ છે. આ વિજય સાથે સ્પેનિશ મહિલા ફૂટબોલ ટીમે ૨૦૨૩નો વર્લ્ડ કપ પણ જીત્યો હોવાથી, સ્પેન એક સાથે પુરુષો અને મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ જીતનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.

આ રોમાંચક મેચમાં બંને ટીમો વચ્ચે એટલો તીવ્ર મુકાબલો થયો હતો કે નિર્ધારિત સમયમાં કોઈ ગોલ થઈ શક્યો ન હતો અને મેચ વધારાના સમયમાં ગઈ હતી. સ્પેનના અવેજી ખેલાડી ફેરન ટોરેસે ૧૦૬મી મિનિટે ડાબા પગથી બોક્સની અંદર શાનદાર શોટ મારીને વિજયી ગોલ કર્યો હતો, જે તેના જીવનનો સૌથી કિંમતી ગોલ બન્યો હતો. મેચ બાદ ટોરેસે આ ગોલ સ્પેનના ૪૭ મિલિયન લોકોને સમર્પિત કર્યો હતો. જો કે, બીજા હાફના સ્ટોપેજ ટાઇમમાં ટોરેસને

અનુ પાના નં.૨ પર


## જામનગરમાં સ્મશાન નજીક ખડકાયેલ દબાણ ઉપર ફેરવી દેવાયું બુલડોઝર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે શહેરના આદર્શ સ્મશાન નજીક કેનાલ કાંઠે આવેલી મહાનગરપાલિકાની જમીન પર થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અગાઉ નોટિસ આપવામાં આવ્યા બાદ એસ્ટેટ શાખાની ટીમે સ્થળ પર પહોંચી અંદાજે ૨૮૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ઉભેલા ત્રણ પાકા અને એક કાચા એમ કુલ ચાર મકાનોનું ડિમોલિશન કર્યું હતું.

મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ આ બાંધકામો વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ બનતા હોવાથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ઊભી થવાની શક્યતા હતી. આથી વરસાદી પાણીનો પ્રવાહ સરળતાથી પસાર થઈ શકે અને

અનુ પાના નં.૨ પર



તસવીરઃ હિરેન ગાંધી



## જામનગરના આમરા ગામમાં 'રોટલાના વરતારા'થી થાય છે ચોમાસાના વરસાદની આગાહી

### આધુનિક ટેકનોલોજી વચ્ચે સદીઓ જૂની લોકપરંપરા આજે પણ જીવંત, આ વર્ષે સારા પાછોતરા વરસાદની આગાહી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

આજના આધુનિક યુગમાં હવામાન વિભાગ ભલે સેટેલાઇટ અને સુપર કોમ્પ્યુટરથી વરસાદની આગાહી કરતું હોય, પરંતુ જામનગર જિલ્લાના આમરા ગામમાં આજે પણ ૩૫૦થી ૫૦૦ વર્ષ જૂની લોકપરંપરા જીવંત છે. દર વર્ષે અષાઢ મહિનાના પ્રથમ સોમવારે ગામના 'ભમરિયા કૂવા' ખાતે એકઠા થઈને ગ્રામજનો 'રોટલાના વરતારા' દ્વારા આગામી ચોમાસાની સ્થિતિ અને ખેતીના પાકનો પરંપરાગત અંદાજ લગાવે છે. આ અનોખો ધાર્મિક પ્રસંગ જોવા અને શ્રદ્ધાના સાક્ષી બનવા આસપાસના ૫૦થી વધુ ગામોમાંથી હજારો લોકો ઉમટી પડે છે. આ પરંપરાગત વિધિ અંતર્ગત અષાઢના પ્રથમ સોમવારે બપોરે સતી માતાજીના મંદિરે ધ્વજારોહણ કર્યા બાદ કૂવામાં જુવારનો રોટલો પધરાવવામાં આવે છે. આ પ્રસંગે સથવારા પરિવારની સ્ત્રી દ્વારા જુવારનો રોટલો તૈયાર કરાય છે, જેને કુંભાર પરિવાર કૂવા સુધી લાવે છે અને જાડેજા પરિવારનો યુવક કૂવાના પાણીમાં પધરાવે છે. પાણીમાં તરતો રોટલો જે દિશામાં આગળ વધે છે, તેના આધારે વર્ષ

અનુ પાના નં.૨ પર

### ટ્રકે ૬ યુવકોને કચડયા, ૪ લોકોના મોતઃ ૨ની સ્થિતિ ગંભીર

#### મધ્યપ્રદેશમાં મોટો અકસ્માતઃ હાથીનાલા વોટરફોલથી પિકનિક મનાવીને પરત ફરતા છ યુવકોને એક ડમ્પરે કચડયા હતા જેમાં ૪ લોકોના મોત



**સમય સંદેશઃ ભોપાલ**

મધ્ય પ્રદેશના નરસિહપુરમાં મોટો રોડ અકસ્માત સર્જાયો હતો. હાથીનાલા વોટરફોલથી પિકનિક મનાવીને પરત ફરતા છ યુવકોને એક ડમ્પરે કચડ્યા હતા જેમાં ૪ લોકોના મોત થયા છે જ્યારે ૨ લોકોની હાલત ગંભીર છે. આ દુર્ઘટના જબલપુર-ભોપાલ નેશનલ હાઇવે પર નરસિંહપુરના સુઆતલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, જબલપુરના શહપુરા, માનેગાવ અને નરસિહપુરના કેટલાક યુવક હાથીનાલા વોટરફોલમાં પિકનિકમાં

અનુ પાના નં.૨ પર

## બોર્ડમાં હાઈવોલ્ટેજ ડ્રામાઃ પોલીસ જાપતા સાથે હાજર રહેલા અલ્તાફ ખફીને રચનાબેને અટકાવી પ્રી-મોન્સૂન કામગીરી મુદ્દે રજૂઆત કરવા જણાવ્યું



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો, જેમાં મનપાના પૂર્વ વિપક્ષી નેતા અને હાલના વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અલ્તાફ ખફી પોલીસ જાપતા સાથે સભામાં હાજર રહ્યા હતા. બોર્ડની કાર્યવાહી દરમિયાન પોલીસ બંદોબસ્ત વચ્ચે હાજર રહેલા અલ્તાફ ખફીને રચનાબેન નંદાણિયા દ્વારા રોકવામાં આવ્યા હતા અને હાલ શહેરમાં ચાલી રહેલી પ્રી-મોન્સૂન (ચોમાસા પૂર્વેની) કામગીરી અંગે જનરલ બોર્ડ સમક્ષ ઉગ્ર રજૂઆત કરવા માટે જણાવવામાં આવ્યું હતું.

## વોર્ડ નં. ૪ના જાગૃત નાગરિકોની કમિશનરને રજૂઆતઃ ચોમાસા પૂર્વે પ્રી-મોન્સૂન કામગીરી અને ડ્રેનેજ સફાઈ કરવા ઉગ્ર માંગ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૪ નાં સત્તાવાસીઓ તથા મતદારો દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ એક લેખિત રજૂઆત કરવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વોર્ડ નં. ૪ માં આવેલા ભીમવાસ ૧, ૨, ૩, વિવેકાનંદ સોસાયટી, સિદ્ધેશ્વર સોસાયટી, ઈંદિરા સોસાયટી, મધુવન સોસાયટી અને કૈલાસ પાર્ક જેવા રહેણાંક વિસ્તારોમાં કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી પ્રી-મોન્સૂન કામગીરી સાવ નબળી અને માત્ર કાગળ પર હોય તેવું દેખાઈ રહ્યું છે. વાસ્તવિક સ્તરે કોઈ યોગ્ય કામગીરી ન થતાં ચોમાસામાં સ્થાનિકોના ઘરોમાં પાણી ભરાઈ જવાની અને માલ-મિલકતને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

રજૂઆતમાં આક્રોશ વ્યક્ત કરતા નાગરિકોએ જણાવ્યું છે કે, અગાઉના વર્ષોમાં પણ ભારે વરસાદના કારણે આ વિસ્તારોમાં ઘરોની અંદર પાણી ઘૂસી ગયા હતા, જેનાથી વ્યાપક નુકસાન વેઠવું પડ્યું હતું. આ પરિસ્થિતિ વચ્ચે કોર્પોરેશન પાસે વોર્ડ નં. ૪ માટે પાણીના નિકાલ માટેના પૂરતા સાધનો જેવા કે બોર અથવા પંપ ઉપલબ્ધ રાખવામાં આવ્યા નથી. વોર્ડ નં. ૪ નો ભીમવાસ અને નવાગામ વિસ્તાર ખૂબ જ નીચાણવાળો ભાગ હોવાથી આખા શહેરનું પાણી ખોજા સોસાયટી થઈને ભીમવાસ કેનાલ તથા સ્વામિનારાયણ નગર પાસેથી પસાર થઈ વહેણ (વોકળા) માં જાય છે. પરંતુ હાલ ખોજા સોસાયટીથી ભીમવાસ સુધીની મુખ્ય ડ્રેનેજ લાઈન અને સ્વામિનારાયણથી નદી

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

# આબકારી વિભાગ નિષ્ફળ !

કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્યના શિક્ષણ, આરોગ્ય અને આબકારી વિભાગો સાથે સહયોગમાં કામ કર્યું. પણ પરિણામ સાવ સામાન્ય રહ્યું છે. બીજી તરફ ડ્રગ માફિયાઓ ચિક્કાર નાણાં બનાવી રહ્યા છે અને તેમનું ભૂગર્ભ નેટવર્ક સતત વિસ્તરતું જાય છે. સરકારની ડ્રગ વિરોધી કાર્યવાહી કાચબા ગતિએ છે અને માફિયાઓ ચિત્તાની ઝડપે કામ કરે છે. એક સમયે પંજાબની પણ આ જ દશા હતી. આજે પંજાબમાં રાસાયણિક ખાતરના ઘઉંને કારણે કેન્સરનો ફેલાવો અકલ્પિત રીતે વધ્યો છે અને અર્ધા ઉપરાંતના યુવાનો ડ્રગની માયાજાળમાં લપેટાયેલા છે. સંકલિત અમલીકરણ, જાહેર ભાગીદારી, પીડિતોના પુનર્વસન અને ઝડપી અને અસરકારક કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કરીને, કેરળ સરકારના અભિયાને ૧૫ જુલાઈ સુધીમાં, આશરે ૭,૧૦૦ કેસોમાં ૭,૬૦૦ થી વધુ ડ્રગ ડીલરોની ધરપકડ કરી છે. એમાં મોટાભાગની જપ્તીઓ સિન્થેટિક માદક દ્રવ્યોની હતી. શંકાસ્પદ ફોરેન્સિક તપાસ દ્વારા માદક દ્રવ્યોના કેસ ઘણીવાર અવરોધાય છે તે જોતાં, વર્તમાન અભિયાનમાં આ મુદ્દા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. માદક દ્રવ્યોના દાણચોરોનું નેટવર્ક એટલું જટિલ હોય છે કે તપાસ નાની માછલીઓને ફસાવે છે. તપાસનીશ સમુદાયને સરકાર હવે તુફાન યોદ્ધાઓ તરીકે એકસાથે લાવવા ઉપરાંત, આ અભિયાનનો હેતુ ગઈઘછઉ માળખા હેઠળ રાષ્ટ્રીય ગુપ્ત માહિતી-શેરિંગ અને સંકલન પ્રણાલીઓને મજબૂત બનાવવાનો છે, જેમાં ધરપકડ કરાયેલા નાર્કો-અપરાધીઓના ડેટાબેઝનો સમાવેશ થાય છે. ઉપરાંત વિવિધ ઈન્ટેલિજન્સ સેવાઓ પણ સરકારને દરોડાઓ પાડવામાં અને ધરપકડો કરવામાં ઉપયોગી થાય છે. તો પણ કેરળના યુવાધન અને યુવામનને ડ્રગ્સ તરફથી પાછા વાળવાનું કામ આસાન નથી. કેરળના ગૃહમંત્રી રમેશ ચેન્નીથલા કામગીરીમાં સંયુક્ત પ્રયાસોની હિમાયત કરવા માટે મુખ્યમંત્રીઓ સાથે મુલાકાત કરી રહ્યા છે. રાજ્યો વધુ સારા સંકલન માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવાની પ્રક્રિયામાં છે, અને એક પ્લેટફોર્મ પણ વિકસાવવામાં આવી રહ્યું છે. આ ગેરકાયદેસર વ્યવસાયો માલ મોકલનારાઓની ભરતી કરવા, સંકલન કરવા અને ડિલિવરી કરવા માટે નવીન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, તેથી કેરળ આ નેટવર્ક્સને તોડી પાડવા માટે તેના જિલ્લા નાર્કોટિક્સ વિરોધી સ્પેશિયલ એક્શન ફોર્સના કર્મચારીઓના કૌશલ્યને નવીનતમ ધોરણો સુધી અપગ્રેડ કરે તે જરૂરી છે.



# હાલારના હાલહવાલ



# ખંભાળિયા : જિલ્લા પંચાયતની ખાસ બેઠકમાં વિવિધ સમિતિઓના હોદ્દેદારો વરાયા




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા સ્થિત દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત કચેરી ખાતે શનિવારે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યકારી અધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ ગૌરીબેન જેઠાભાઈ હાથિયા દ્વારા જુદી જુદી સમિતિના અધ્યક્ષના નામોની વિધિવત રીતે જાહેરાત કરી હતી. જિલ્લા પંચાયતમાં આગામી સમય માટે કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે રંજનબેન કશ્યપભાઈ આહીર, શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે દક્ષાબેન તુલસીભાઈ કણજારીયા, સિંચાઈ સમિતિના ચેરમેન તરીકે ડો. પી.વી. કંડોરીયા, આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે મનીષાબેન રામસીભાઈ મારુ, મહિલા અને બાળ વિકાસ સમિતિ ચેરમેન તરીકે ચીમનભાઈ કેશવજીભાઈ ચાંગેલા, બાંધકામ સમિતિના ચેરમેન તરીકે સુમાતભાઈ વજશીભાઈ ચાવડા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે જયેશભાઈ કરશનભાઈ જેઠવા અને અપીલ સમિતિના ચેરમેન તરીકે ગૌરીબેન જેઠાભાઈ હાથીયાની વિધિવત રીતે જાહેરાત કરવામાં આવી હતી.આ તમામ હોદ્દેદારોને ઉપસ્થિત સૌ કોઈએ આવકારી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## જામ-ખંભાળીયાના સિંહણ ગામે ગેસ લાઈન નાખવાની કામગીરી સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ



**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડામથક જામખંભાળીયા નજીકના સિંહણ ગામે ખેતરોમાં ગેસની પાઈપલાઈન નાખવાની કામગીરીનો સ્થાનીય ખેડૂતોએ ઉગ્ર વિરોધ કર્યો છે. યોગ્ય વળતર અને સહમતિ વિના જ ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરી કરાતી હોવાની પણ ફરીયાદ ઉઠવા પામી છે.

આ મામલે ખેડૂતો અને પોલીસ વચ્ચે થોડા સમય માટે ઘર્ષણ જેવી સ્થિતિ ઊભી થતાં મામલો ગરમાયો હતો. જેના પગલે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ખેડૂત નેતા પાલ આંબલીયાએ પણ આ મામલે ખેડૂતોને સમર્થન આપતા સ્થિતિ તંગ બની હતી અને કામ કરતા કંપનીના અધિકારીઓ સ્થળ પરથી રવાના થઈ ગયા હતા. ખેડૂતોએ આ મામલે જયાં સુધી તેમની માંગ ન સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

## મીઠાપુર નજીક કારની ઠોકરે આધેડનું મૃત્યુ

**સમય સંદેશઃ મીઠાપુર**

ઓખા મંડળના મીઠાપુર તાબેના ભીમરાણા ગામે રહેતા ગજરાજસિંહ શિવુભા વાઢેર નામના ૫૨ વર્ષના આધેડ ગત તા. ૨૫ જૂનના રોજ નજીકના એક પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા જઈ રહ્યા હતા, ત્યારે મીઠાપુર નજીકના ઓખા હાઈવે માર્ગ પર આવેલા એક પેટ્રોલ પંપ નજીક પહોંચતા પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જીજે ૦૩ એચ.એ. ૮૧૦૬ નંબરના એક ફોર વ્હિલરના ચાલકે ગજરાજસિંહના મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

જેના કારણે તેમને માથામાં હેમરેજ તથા પગમાં ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ સાથે વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર વિજયસિંહ ગજરાજસિંહ વાઢેર (ઉ.વ. ૨૮) ની ફરિયાદ પરથી મીઠાપુર પોલીસે ફોર વ્હિલર ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## સલાયામાં વાહન ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયોઃ ચોરાઉ બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

**સમય સંદેશઃ સલાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા મરીન પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન ગણતરીના કલાકોમાં વાહન ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.પોલીસે ચોરીના મોટરસાયકલ સાથે એક આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેટ્રોલિંગ દરમિયાન એચ.સી. વિપુલભાઈ એસ. ડાંગર અને પી.સી. કરણભાઈ સોંદરવાને સંયુક્ત રીતે ચોક્કસ બાતમી મળી હતી કે સલાયા બંદરમાંથી ચોરી થયેલ હીરો હોન્ડા મોટરસાયકલ સાથે એક શખ્સ સલાયામાં આવવાની પેરવી કરી રહ્યો છે. આ બાતમીના આધારે સર્વેલન્સ સ્ટાફે વોચ ગોઠવીને આરોપીને ઝડપી લીધો હતો.જેમાં નંબર પ્લેટ વગરનું બાઈક મળ્યું હતું.



પોલીસે આરોપી પાસેથી હીરો હોન્ડા કંપનીનું કાળા કલરનું સ્પ્લેન્ડર મોટરસાયકલ (કિંમત રૂ. ૨૫,૦૦૦) કબ્જે કર્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીએ પકડાઈ ન જવા માટે બાઈક પરથી મૂળ નંબર પ્લેટ (GJ-10-BE-0973) કાઢી નાખી હતી. જોકે, પોલીસે એન્જિન નંબર અને ચેસીસ નંબરની ખરાઈ કરીને આ ચોરાઉ વાહન હોવાનું શોધી કાઢ્યું હતું. આ અંગે સલાયા મરીન પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા (ઈગજ) ની કલમ-૩૦૩(૨) મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરાઈ છે.

## મુંગણી ગામે દુકાન ભાડે આપવા બાબતે પિતા-પુત્ર ઉપર પાઈપથી કરાયો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના મુંગણી ગામના ગાગવા રોડ પર રહેતા વર્ષાબા મહિપતસિંહ કંચવાએ કિરીટસિંહ રણજીતસિંહ કંચવા (રહે- મુગંણી ગામ, ગાગવા રોડ, પાણીના અવેળાની બાજુમાં.તા.જી.જામનગર) સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદીના પતિ મહિપતસિંહની ગાગવા ધારે આવેલી દુકાન હાલમાં બંધ છે અને તેને ભાડે આપવાની ઈચ્છા હતી. જોકે, કિરીટસિંહ રણજીતસિંહ કંચવા દુકાન કોઈને ભાડે આપવા દેતો ન હોવાથી આ બાબતનું મનદુઃખ રાખતો હતો. આ જ અદાવતમાં તા. ૧૪ જુલાઈની રાત્રે મુંગણી ગામે ફરિયાદીના ઘરની બહાર આરોપીએ મહિપતસિંહને અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ લોખંડના પાઈપ વડે મહિપતસિંહ તેમજ તેમના પુત્ર જયવીરસિંહ પર હુમલો કરી બંનેને મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મીઠાપુરના આરંભડામાં વૃધ્ધને મારી નાખવાની ધમકી

**સમય સંદેશઃ મીઠાપુર**

મીઠાપુર નજીક આવેલા આરંભડા સીમ વિસ્તારમાં રહેતા કાનજીભાઈ ઉર્ફે કાનાભાઈ જીવણભાઈ ગાધેર નામના ૭૩ વર્ષના વૃદ્ધને એક ડેરીના એજન્ટ હિતેશભાઈ તથા તેમના બે પુત્રોએ એકસંપ કરી, બિભત્સ ગાળો ભાંડી, ફોનમાં મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. ફરિયાદી કાનજીભાઈની દુકાને આવેલા આરોપી હિતેશને તેમણે છ માસ પહેલા ફ્રીઝ લેવા માટે રૂ. ૭,૨૫૦ ની રકમ આપી હતી. જેથી ફ્રીઝ અથવા ઉપરોક્ત રકમ આપવાનું કહેતા આરોપીઓએ ઉશ્કેરાઈને તેમને માર મારી, ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. જેથી પોલીસે બી.એન.એસ.ની જુદી જુદી કલમ હેઠળ પિતા પુત્રો સામે ગુનો નોંધ્યો છે.

## સરમત ગામે ખેડૂત યુવક ઉપર કાકાનો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના સરમત ગામના આશાપુરા મંદિર પાસે રહેતા અને ખેતીકામ કરતા પૃથ્વીરાજસિંહ હનુભા જાડેજા ગત ૧૫ જુલાઈના રોજ સાંજે સરમત પાટીયા પાસે આવેલી હીરાભાઈ સવાભાઈ સોલંકીની ચાની હોટલે બેઠા હતા. તે દરમિયાન તેમના કુટુંબી કાકા ભીષ્મરાજસિંહ હઠીસિંહ જાડેજા અને રઘુવીરસિંહ જાડેજા રોયલ એનફિલ્ડ મોટરસાયકલ પર ત્યાં આવ્યા હતા. જૂની અદાવતનો ખાર રાખીને ભીષ્મરાજસિંહ જાડેજા હાથમાં ધારીયું અને છરી લઈને પૃથ્વીરાજસિંહ પર હુમલો કરવા ધસી આવ્યા હતા અને અપશબ્દો બોલવા લાગ્યા હતા. જોકે ત્યાં હાજર સવાભાઈ સોલંકી તથા રઘુવીરસિંહ જાડેજાએ વચ્ચે પડી આરોપીના હાથમાંથી ધારીયું અને છરી લઈ લીધી હતી. ત્યારબાદ આરોપીએ પથ્થરમારો કર્યો હતો અને જતાં જતાં ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ લગભગ પાંચ મહિના અગાઉ બંને પક્ષ વચ્ચે થયેલી મારામારીનો ખાર રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો.

## ખંભાળીયા પાસે મોપેડ હડફેટે યુવાનનું મોતઃ સુરજ કરાડીમાં ગળેફાંસો ખાઈ વૃધ્ધનો આપઘાત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે રહેતા કેશરીસિંહ રામસિંહ જાડેજા નામના ૪૯ વર્ષના યુવાન શુક્રવારે રાત્રિના સમયે વાડીનાર કે.પી.ટી. સર્કલ પાસેથી પાન-મસાલા લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે રામેશ્વર રોડ પર પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જીજે ૩૭ આર ૯૨૫૫ નંબરના એક મોપેડના ચાલકે તેમને અડફેટે લેતા તેમને માથાના તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર વિજયસિંહ કેશરીસિંહ જાડેજાની ફરિયાદ પરથી વાડીનાર મરીન પોલીસે મોપેડના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે. ઓખા મંડળના મીઠાપુર તાબેના સુરજકરાડી ગામે રહેતા સાજાભાઈ રણમલભાઈ વારસાકિયા નામના ૬૨ વર્ષના વૃદ્ધને શરીરના ભાગે ઈન્ફેક્શન થઈ જતા આ બીમારીથી કંટાળીને તેમણે રવિવારે પોતાના ઘરે પોતાના હાથે છતના લાકડામાં ઓઢણી વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પુત્ર વિશાલભાઈ વારસાકીયાએ મીઠાપુર પોલીસને કરી છે.

## અનુસંધાન

### ભઠ્ઠીમાં પ્રચંડ ધડાકો

(પાના નં. ૪ થી આગળ)

ભોગ બનનારા ચાર પૈકી બે શ્રમિકોની સ્થિતિ અત્યંત નાજુક અને ચિંતાજનક હોવાથી તેઓને તાત્કાલિક સ્પેશિયલ આઈસીયુ બર્ન્સ વોર્ડમાં શિફ્ટ કરીને સઘન સારવાર શરૂ કરવામાં આવી છે.

આ કરુણ દુર્ઘટનામાં દાઝી ગયેલા શ્રમિકોની ઓળખ હરિયદુલાલ જાટવ (ઉં.વ. ૧૮), મોતીલાલ રાજપુત (ઉં.વ. ૨૩), પ્રેમ સુનારા (ઉં.વ. ૪૦) અને અન્નુ તરીકે થઈ છે, જેઓ મૂળ ઉત્તર પ્રદેશ અને નેપાળથી અહીં રોજીરોટી કમાવવા આવ્યા હોવાનું ખૂલ્યું છે. ભઠ્ઠી બ્લાસ્ટની આ ઘટનાની ગંભીરતાને પગલે પંચકોશી બી ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે તેમજ જી.જી. હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે ઇજાગ્રસ્તોના પ્રાથમિક નિવેદનો લેવાની તજવીજ હાથ ધરી છે અને કારખાનામાં ઔદ્યોગિક સુરક્ષાના નિયમોનું પાલન થતું હતું કે કેમ તેમજ સેફ્ટીના સાધનોના અભાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કર્યો છે.

### કોર્પોરેટરની હત્યાના

(પાના નં. ૪ થી આગળ)

ગંભીર ગુનામાં સંડોવાયેલ છે. ગુનાના મુખ્ય સુત્રધાર છે, લાંબા સમય સુધી નાસતા ફરતા રહ્યા હતા અને તેના સામે ગુજસીટોકનો ગુનો પણ નોંધાયેલો છે. તેઓ મુખ્ય આરોપી હોવાથી તેને પેરીટી (સરખામણી) નો લાભ મળી ન શકે, જામીન મંજુર ન થઈ શકે. અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી એવા પુર્વ મ્યુ. વિપક્ષી નેતાની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

### મોતની છલાંગ

(પાના નં. ૩ થી આગળ)

મૃતદેહને કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તબક્કે આ ઘટના આપઘાતની હોવાનું માનવામાં આવી રહ્યું છે, જોકે મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું છે કે તપાસ પૂર્ણ થયા બાદ જ ઘટનાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકશે.

### વોર્ડ નં. ૪ના જાગૃત નાગરિકો

(પાના નં. ૧ થી આગળ)

સુધીનો ડ્રેનેજ કચરો ભરાઈ જવાના કારણે સંપૂર્ણ ચોકઅપ થઈ ગયા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા ડ્રેનેજ લાઈનમાં માત્ર ઉપર-ઉપરથી થોડો કચરો સાફ કરીને સંતોષ માની લેવામાં આવ્યો છે, જ્યારે વાસ્તવમાં આખી ડ્રેનેજ લાઈન કચરાથી બિસ્માર હાલતમાં છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને જાગૃત નાગરિકો- અર્ચનાબેન મેડમ નેહાણીયા, આનંદભાઈ ગોહીલ, વિનયભાઈ વારીયા, દીપકભાઈ રાઠોડ, માધુરીબેન અજીત (ડાયરેક્ટર/પ્રિન્સિપાલ, સનુજા સ્કૂલ) અને મહેશભાઈ ડાભી સહિતના રહેવાસીઓએ કમિશનરને તાકીદના ધોરણે સ્વામિનારાયણ નગરથી નદી સુધીની ડ્રેનેજ લાઈન તળિયા સુધી સાફ કરાવી યોગ્ય પ્રી-મોન્સૂન કામગીરી કરવા તેમજ જરૂરી સાધનોની વ્યવસ્થા કરવા ભારપૂર્વક માંગ કરી છે.

### જામનગરમાં સ્મશાન

(પાના નં. ૧ થી આગળ)

નિકાલ વ્યવસ્થા સુચારૂ રહે તે હેતુથી કાર્યવાહી કરવામાં આવી હતી.

ડિમોલિશન કામગીરી માટે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના આશરે ૩૦ જેટલા કર્મચારીઓની ટીમ તૈનાત કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન બે જેસીબી મશીનો, બે ટ્રેક્ટર, કટર મશીન, પે-લોડર સહિતના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન સ્થળ પર જરૂરી સુરક્ષા વ્યવસ્થા પણ જાળવવામાં આવી હતી.

મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે જાહેર જમીન પરના દબાણો અને વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ બાંધકામો સામે આગામી સમયમાં પણ નિયમો મુજબ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### રોટલાના વરતારા

(પાના નં. ૧ થી આગળ)

દરમિયાન કયો પાક સારો થશે અને કયો નબળો, તેમજ વરસાદ કેવો રહેશે તેનો સચોટ વરતારો (અંદાજ) કાઢવામાં આવે છે. આ વર્ષે યોજાયેલી વિધિ બાદ ગામના વરિષ્ઠ નાગરિકો દ્વારા એવી આગાહી કરવામાં આવી છે કે આ ચોમાસામાં પાછોતરો વરસાદ ખૂબ જ સારો રહેશે. સ્થાનિક વડીલોના જણાવ્યા મુજબ, ભૂતકાળમાં જ્યારે પણ વરસાદની ખેંચ વર્તાઈ છે ત્યારે આ વિધિ બાદ સારો વરસાદ નોંધાયો છે. ઢોલ-નગારાના તાલે ઉજવાતો આ ઉત્સવ માત્ર વરસાદની આગાહી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ગામની એકતા, સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રત્યેની અતૂટ આસ્થાનું એક અનોખું પ્રતીક છે.

### રાષ્ટ્રિય પરીક્ષાઓમાં ગેરરીતિ

(પાના નં. ૧ થી આગળ)

બાબતે વરિષ્ઠ નેતૃત્વ સાથે આંતરિક ચર્ચા કરીને ટૂંક સમયમાં નિર્ણય લેવાની ખાતરી આપી છે. આંદોલન દરમિયાન અફવાઓનું બજાર પણ ગરમ રહ્યું હતું. સોનમ વાંગચુકના સંદેશા બાદ ગઈકાલે સવારે જ પોતાના ઉપવાસ પૂરા કરનારા ઈઉંડના સ્થાપક અભિજીત દીપકેની પોલીસે ધરપકડ કરી હોવાની અફવા ફેલાઈ હતી. જોકે, દિલ્હી પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર સ્પષ્ટતા કરતા આ અહેવાલોને તદ્દન ખોટા ગણાવ્યા હતા અને ઉમેર્યું હતું કે તેઓ સ્ટેજ પર જ હાજર છે. બીજી તરફ, આ આંદોલનને વિપક્ષી નેતાઓનું જોરદાર સમર્થન મળ્યું છે, જેમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે સરકારને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, પરીક્ષા લેવામાં સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે અને આ મુદ્દો આગામી દિવસોમાં લોકસભામાં પણ ઉઠાવવામાં આવશે.

### સુપ્રીમ આદેશ

(પાના નં. ૧ થી આગળ)

કરવામાં આવી હતી અને હાલમાં પોલીસ તપાસ ચાલી રહી છે. હવે આ મામલાની આગામી સુનાવણી ૨૭ જુલાઈએ થશે, જેમાં ઉત્તર પ્રદેશ સરકાર SIT તપાસ અંગેની માહિતી કોર્ટ સમક્ષ રજૂ કરશે.

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલે કોર્ટને જણાવ્યું હતું કે અગાઉ રચાયેલી SITનું કાર્ય માત્ર એટલું તપાસવાનું હતું કે આ મામલામાં કોઈ ગંભીર ગુનો બને છે કે નહીં. SITએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે કેસ નોંધવા યોગ્ય ગુનો બને છે, જેને આધારે FIR નોંધવામાં આવી છે.

તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હાલની SIT પોતે તપાસ કરી રહી નથી. આ અંગે સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે શું તપાસ માટે કોઈ અલગ SIT બનાવવામાં આવી છે? જ્યારે જવાબ મળ્યો કે એવી કોઈ SIT રચાઈ નથી, ત્યારે કોર્ટે સૂચન કર્યું હતું કે તપાસ માટે નવી જંઇઝની રચના કરવામાં આવે.

### ૪ લોકોના મોત

(પાના નં. ૧ થી આગળ)

પહોંચ્યા હતા. આ યુવકો મોડી સાંજે નેશનલ હાઈવે પાસે એક ચાની દુકાન પર ચા પીવા માટે ઉભા રહ્યા હતા. આ દરમિયાન બેદરકારી પૂર્વક ચલાવતા એક ડમ્પરે તમામને કચડી નાખ્યા હતા. આ દુર્ઘટનામાં ૪ લોકોના મોત થયા હતા જ્યારે ૨ની સ્થિતિ ગંભીર છે.

દુર્ઘટના એટલી ભયાનક હતી કે આસપાસના લોકો દોડી આવ્યા હતા. ટક્કરમાં ગ્રામ બરપટીના જયપાલ લોધી (૩૦ વર્ષ)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું જ્યારે વીરેન્દ્ર લોધી (૨૧ વર્ષ), રાજેન્દ્ર લોધી (૩૨ વર્ષ) અને રાજપાલ લોધી (૨૦ વર્ષ)ને જબલપુર લઇ જતા સમયે શાહપુરા સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર લઇ જવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ તમામને મૃત જાહેર કર્યા હતા. આ સિવાય બે યુવક આકાશ લોધી અને નીરજ લોધીને જબલપુરની નેતાજી સુભાષ ચંદ્ર બોઝ મેડિકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં બન્નેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળે છે.

એડિશનલ જજ નરસિંહપુર સંદીપ ભૂરિયાએ જણાવ્યું,હાથીનાલા વોટરફોલમાંથી પિકનિક મનાવીને પરત ફરતા યુવક ચા પીવા માટે ઉભા હતા ત્યારે પૂર ઝડપે આવતા આઇવા ચાલકે રોડ પર ઉભેલા ૬ લોકોને કચડી નાખ્યા હતા અને ફરાર થઇ ગયો હતો. CCTVના આધારે આરોપીની તપાસ કરવામાં આવી રહી છે. મૃતક રાજેન્દ્ર લોધીના પરિવારજનોનું કહેવું છે કે આ સામાન્ય અકસ્માત નથી પણ રાજેન્દ્ર અને તેના સાથીઓની હત્યા થઇ છે. રાજેન્દ્ર લાંબા સમયથી રેત માફિયાઓ વિરૂદ્ધ અવાજ ઉઠાવતો હતો. આ કારણે આ બધુ થયું છે. બીજી તરફ સુઆતલા પોલીસ સ્ટેશનની પોલીસ તમામ CCTV ફૂટેજના આધારે તપાસ કરી રહી છે.

### મેસ્સીનું સ્વપ્ન રોળાયું

(પાના નં. ૧ થી આગળ)

બીજી વખત પીળું કાર્ડ મળતા આર્જેન્ટિના સામે સ્પેને અંતિમ મિનિટોમાં ૧૦ ખેલાડીઓ સાથે રમવું પડ્યું હતું. સ્પેને ગોલ પર ૨૦ શોટ લીધા હતા, જ્યારે આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે ફાઇનલમાં રેકોર્ડ ૧૨ શોટ બચાવીને અભૂતપૂર્વ પ્રદર્શન કર્યું હતું. આ જીત સાથે સ્પેન હવે સતત ૩૮ મેચોમાં અણનમ રહ્યું છે, જે કોઈપણ યુરોપિયન ટીમ દ્વારા સૌથી લાંબી અણનમ શ્રેણીનો નવો રેકોર્ડ છે.

ચેમ્પિયન બનીને સ્પેને ફિફા વર્લ્ડ કપના ઇતિહાસમાં સૌથી મોટી ઇનામી રકમ પણ જીતી હતી. ફિફાએ સ્પેનિશ વિજેતા ટીમને ૫૦ મિલિયન ડોલર (આશરે રૂ. ૪૮૧ કરોડ)નું જંગી ઇનામ આપ્યું હતું, જે ૨૦૨૨માં આર્જેન્ટિનાને મળેલી રકમ કરતાં ૮ મિલિયન ડોલર (આશરે રૂ. ૬૬ કરોડ) વધુ છે. બીજી તરફ, ફાઇનલ મેચ હારવા છતાં રનર-અપ આર્જેન્ટિનાને ૩૩ મિલિયન ડોલર (આશરે રૂ. ૩૧૮ કરોડ) મળ્યા હતા. ટુર્નામેન્ટમાં ત્રીજા સ્થાને રહેલા ઇંગ્લેન્ડને ૨૯ મિલિયન ડોલર અને ચોથા સ્થાને રહેલા ફ્રાન્સને ૨૭ મિલિયન ડોલર પ્રાપ્ત થયા હતા. ફિફાએ આ વખતે ૪૮ ટીમો સાથેના આ ભવ્ય આયોજન માટે કુલ ૮૭૧ મિલિયન ડોલર (આશરે રૂ. ૮૩X૬ કરોડ)ની કુલ ઇનામી રકમ અલગ રાખી હતી, જેમાંથી ૬૫૫ મિલિયન ડોલર ટીમોને પ્રદર્શનના આધારે ચૂકવાયા હતા.

મેટલાઇફ સ્ટેડિયમની અંદર ગઈકાલે ૮૦,૦૦૦ દર્શકો ઉપરાંત હોલીવુડ સ્ટાર્સ ટોમ ક્રૂઝ, બ્રેડ પિટ, ડેનિયલ ક્રેગ અને દિગ્ગજ ફૂટબોલરો ઝિદાન, બેકહામ તેમજ રોનાલ્ડો સહિતના મહાનુભાવો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. ૩૯ વર્ષીય મેસ્સીએ પહેલાથી જ સંકેત આપ્યો હતો કે આ તેનો છેલ્લો વર્લ્ડ કપ હશે, તેથી રનર-અપ મેડલ મેળવ્યા પછી તે પોતાના આંસુ રોકી શક્યો ન હતો અને ભાવુક થઈને સ્પેનની ટીમના વધુ સારા પ્રદર્શનને સ્વીકાર્યું હતું. આ જીત સાથે સ્પેનના ૬૫ વર્ષીય કોચ લુઈસ ડે લા ફુએન્ટે ટીમને વર્લ્ડ કપ ટાઇટલ સુધી પહોંચાડનારા ફૂટબોલ ઇતિહાસના સૌથી વૃદ્ધ કોચ બન્યા હતા.

# ઈસ્કોન દ્વારા જામનગરમાં યોજાઇ જગન્નાથજીની ભવ્યાતિભવ્ય રથયાત્રા

## દેવભૂમિ દ્વારકાના મુખ્ય મથક ખંભાળિયામાં પણ ભગવાન જગન્નાથની પરંપરાગત ભવ્ય રથયાત્રા નીકળીઃ મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા




તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

ઈસ્કોન સંસ્થા દ્વારા જામનગરમાં અષાઢી બીજના ઉપલક્ષ્યમાં શનિવારે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. પ્રસ્થાન વેળાએ તેમજ રથયાત્રાના દર્શનાર્થે રૂટ ઉપર ભાવિકો ઉમટ્યા હતા. શિક્ષણ મંત્રી, ધારાસભ્ય, શહેર ભાજપા અધ્યક્ષા વગેરેએ પણ ભગવાનનો રથ ખેંચ્યો હતો.

શહેરમાં એમ્યુઝમેન્ટ પાર્ક રોડ ઉપરથી તા.૧૮ની બપોરે ૩:૩૦ બાદ ભગવાન જગન્નાથજી, બલભદ્રજી, સુભદ્રાજીની પ્રતિમાઓ સાથે રથયાત્રાનો આરંભ થયો હતો. પ્રસ્થાન વખતે ઉમિયા પરિવાર સમિતિ, કડવા પટેલ સમાજ સમસ્ત, મહાદેવહર મિત્ર મંડળ તેમજ કૃષ્ણ ભક્તો સાથે શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, શહેર ભાજપા અધ્યક્ષા બીનાબેન કોઠારીએ રથ ખેંચ્યો હતો.

આ રથયાત્રા એમ્યુઝમેન્ટ પાર્ક, સત્યમ કોલોની, આહિર સમાજ, રોઝી પંપ, પ્રણામી રોડ, ઓશવાળ કોલોની, જોલી બંગલા, ખંભાળીયા ગેઈટથી ચાંદી બજાર થઈને રણજીત રોડ, બેડી ગેઈટ પછી કાશી વિશ્વનાથ મંદિર પાસે પોટરી ગલી ત્રણ દરવાજા પાસે સાંજે સાડા સાત વાગ્યે વિરામ પામી હતી.રથયાત્રાના રૂટ ઉપર ઠેર-ઠેર આયોજન મુજબ વિવિધ સામાજિક તેમજ વેપારી સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

વશે. હરે કૃષ્ણ-હરે રામના નાદ સાથે શોભાયાત્રામાં ભાવિકો અને સત્સંગ મંડળો જોડાયા હતા. રથયાત્રાની પુર્ણાહુતિ બાદ રાત્રે આઠ વાગ્યે ગુલાબનગરથી આગળ રાજકોટ રોડ ઉપર ટોયોટા શો-રૂમ પાછળ, હાપા વિસ્તારમાં આવેલા ઈસ્કોન મંદિર ખાતે ચૈતન્ય મહાપ્રભુદાસનું અને ત્યાર બાદ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ખંભાળિયામાં ઇસ્કોન સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી જગન્નાથ ભગવાનની રથયાત્રાનું શુક્રવારે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને ગઈકાલે ૫૬ ભોગ, રથયાત્રા, આરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા હતા.

ઇસ્કોન સંસ્થાના ઉપક્રમે શુક્રવારે બપોરે ખંભાળિયામાં બેઠકો રોડ પર આવેલી નવી લોહાણા મહાજન વાડીમાં ૫૬ ભોગ તથા વક્તવ્ય અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પછી આજરોજ સાંજે રથયાત્રાનો પ્રારંભ અહીંની શ્રીજી સાનિધ્ય સોસાયટી ખાતેથી થયો હતો. આ રથયાત્રા મહાપ્રભુજીની બેઠકજી પાસેથી થઈને આ રથયાત્રા શહેરના બેઠક રોડ, શારદા રોડ, જોધપુર ગેઈટ, પોસ્ટ ઓફિસ રોડ, નગર ગેઈટ, શ્રીજી શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, નગર ગેઈટ થઈને નવી લોહાણા મહાજન વાડી ખાતે સંપન્ન થઈ હતી. જુદા જુદા રાજમાર્ગ ઉપર આ રથયાત્રાનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ રથયાત્રાને દોરડા વડે ખેંચી, પુણ્યનું ભાથું બાંધીને ધન્યતા અનુભવી હતી. અંતમાં નવી લોહાણા મહાજન વાડી ખાતે રાત્રે ભગવાન જગન્નાથજીની આરતી બાદ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં નગરજનો સાથે અન્ય શહેરોમાંથી ખાસ પધારેલા મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તો જોડાયા હતા. આ સમગ્ર આયોજન માટે અહીંના ઇસ્કોન સંસ્થાના સેવાભાવી યુવાનો-કાર્યકરોને ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ડેન્ટલ કોલેજના ૧.૩૬ કરોડના ઉચાપત કેસમાં પોલીસનો ઉધડો લેતી અદાલત

## ફરિયાદમાં ડીનને કેમ આરોપી ન બનાવ્યા ?ઃ અદાલતનો વેધક સવાલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજની રોગી કલ્યાણ સમિતિના ડીનની સહિ ધરાવતા ૧૫ ચેકો વટાવીને રૂ.૧.૩૬ કરોડનું કૌભાંડ આચરવાના કેસના આરોપી કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીએ મુકેલી જામીન અરજીની સુનાવણીમાં અદાલતે આ કેસમાં પોલીસની તપાસની પધ્ધત્તિ અંગે સવાલો ઉઠાવ્યા હતા. અદાલતના કડક રૂખથી પોલીસ અધિકારી મુંઝવણમાં મુકાયા હતા.

શોભિત ગર્ગ નામના નેશનલ હેલ્થ મિશનના કરાર આધારિત મેચારી સામે તા.૧૯/૫/૨૬ના રોજ પરકારી ડેન્ટલ કોલેજની રોગી લ્યાણ સમિતિની જાણ બહાર ચેકની કમમાં ફેરફાર કરીને ચેકો પોતાના બેન્ક એકાઉન્ટમાં વટાવી લઈ સરકારી નાણા મેળવી વિશ્વાસઘાત કરવા અંગે ટ્યુટર ડો. સંજય ઉમરાણીયાએ સીટી બી ડિવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ કર્મચારી ધરપકડ પામીને જેલ હવાલે થયો હતો.

બાદમાં આજે તેણે મુકેલી જામીન અરજીની સુનાવણીમાં બચાવ પક્ષના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, હાલ જે આરોપી છે તેણે જ પોતે સામેથી ફરિયાદ નોંધાઈ તે પહેલાં એસપીને સંબોધીને સીટી બી પોલીસ મથકમાં આપેલો હતો. તેમાં તેણે સંખ્યાબંધ સ્ફોટક બાબતો રજુ કરી છે. તો તેની તપાસ થઈ કે કેમ ? આ ઉપરાંતના પણ મુદ્દા ઉઠાવ્યા હતા. જે બાદ કોર્ટ દ્વારા આ કેસમાં પોલીસ તપાસના અને પોલીસે અખત્યાર કરેલા રવૈયાના વિવિધ પાસાઓને લઈને કડક ખુલાસા પુછાતા કોર્ટમાં સન્નાટો છવાયો હતો.

# જામનગરમાં ફેસબુક પર અપમાનજનક ટિપ્પણીઓ મામલે કાર્યવાહી


**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સોશિયલ મીડિયા પર વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવી ટિપ્પણીઓ કરવાના મામલે જામનગરની અદાલતે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. અદાલતે પ્રાથમિક પુરાવાઓના આધારે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ હેઠળ ગુનો બને છે તેમ માની આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કર્યો છે. ફરિયાદી હસમુખભાઈ છગનભાઈ રાઠોડે જામનગરના અભયભાઈ પ્રિતમભાઈ ધોળકિયા સામે ખાનગી ફરિયાદ દાખલ કરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીએ પોતાના ફેસબુક એકાઉન્ટ પર ફરિયાદીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવી અપમાનજનક અને બદનક્ષીજનક ટિપ્પણીઓ પોસ્ટ કરી હતી. તેમાં ફરિયાદીને સમાજવિરોધી તત્વો સાથે સાંકળતા અને તેમનાથી દૂર રહેવા જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે ફરિયાદીની સામાજિક પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન પહોંચ્યું હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું.

આ ફરિયાદના આધારે અદાલતે પોલીસ તપાસનો આદેશ આપ્યો હતો. પોલીસે તપાસ પૂર્ણ કરીને અહેવાલ અદાલતમાં રજૂ કર્યો હતો. તપાસના અહેવાલ અને ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાના આધારે જામનગરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના કોર્ટે પ્રાથમિક દ્રષ્ટિએ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ હેઠળનો ગુનો બનતો હોવાનું માની આરોપી અભયભાઈ પ્રીતમભાઈ ધોળકિયા સામે સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ સંજય એસ. દાઉદીયા અને ભાવિકાબેન પી. જોશી હાજર રહ્યા હતા.

# જામનગરમાં એદ્રુશપીર સરકારના ઉર્ષ મુબારક નિમિત્તે આસ્થા, એકતા અને માનવતાનો ભવ્ય અવસર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરની ઐતિહાસિક કોમી એકતા ના પ્રતિક સમાન એવા હઝરત સૈયદ મહંમદબીન હુસૈન અલ એદ્રૂશ (ર.અ.) ના પવિત્ર ઉર્ષ મુબારક નિમિત્તે તા.૨૧-૦૭-૨૦૨૬, મંગળવાર ના રોજ એદ્રુશપીર દરગાહ ખાતે શ્રદ્ધા, આસ્થા, ભાઇચારો અને માનવતાના ભાવ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉર્ષ મુબારક ના પાવન અવસરે વહેલી સવાર થી જ દરગાહ ખાતે ઝિયારત માટે ભાવિકોની અવર-જવર શરૂ થશે. તેમજ દિવસ દરમ્યાન દેશના વિવિધ વિસ્તારોમાંથી તેમજ જામનગર શહેર અને આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી દુઆઓમાં સહભાગી બનશે. સમગ્ર વાતાવરણ ઇબાદત, શાંતિ અને આધ્યાત્મિક માહોલ થી ગુંજી ઊઠશે.

આ અવસરે કુરઆન ખવાની, સલાતો સલામ, ઝિક્ર, દુઆ સંદલશરીફ તથા અન્ય પરંપરાગત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન સમાજમાં પરસ્પર પ્રેમ, ભાઇચારો, એકતા, સહિષ્ણુતા અને માનવસેવાના મૂલ્યો વધુ મજબૂત બને તેમજ દેશ અને સમાજમાં અમન-શાંતિ, સુખાકારી અને પ્રગતિ માટે વિશેષ દુઆ કરવામાં આવશે. આ ઉર્ષ મુબારક વર્ષો થી જામનગરની સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાનો મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. આ અવસર વિવિધ સમાજ, વર્ગ અને



ઉંમરના લોકોને એક મંચ પર લાવી પરસ્પર સ્નેહ અને સૌહાર્દનો સુંદર સંદેશ આપે છે. આ પવિત્ર પ્રસંગ સમાજમાં એકતા, પરસ્પર સન્માન અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે.

સમગ્ર કાર્યક્રમને સુવ્યવસ્થિત રીતે સંપન્ન કરવા માટે આયોજક સમિતિ દ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આગંતુકોને કોઈ મુશ્કેલી "ન" પડે તે માટે સ્વયંસેવકોની વિશેષ ટીમ સતત સેવા આપશે. દરગાહ પરિસરમાં સ્વચ્છતા, શિસ્ત અને વ્યવસ્થાનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે.

જામનગર અરબ જમાત ના પ્રમુખ રોજાભાઇ અરબ તથા સેક્રેટરી સાજીદ અરબે સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે, ઉર્ષ મુબારકનો આ પવિત્ર અવસર માત્ર ધાર્મિક ઉજવણી પૂરતો સીમિત નથી, પરંતુ સમાજમાં પ્રેમ, એકતા, ભાઈચારો અને માનવતાના સંદેશને વધુ મજબૂત બનાવવાનો અવસર છે. તેમણે જામનગર શહેર તેમજ બહારગામથી પધારતા તમામ ભાવિકોને સમયસર ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારવા તેમજ સમગ્ર આયોજનમાં સહકાર આપવા હાર્દિક અપીલ કરી છે.

# જામનગરના ચાંદીપુરા વાયરસના બંને શંકાસ્પદ કેસના રિપોર્ટ નેગેટિવ

## ગણપતનગરમાં ૪૦૦ અને રવિપાર્કમાં ૧૪૪ ઘરોનો સર્વેઃ અન્ય કોઈ શંકાસ્પદ કે બીમારીનો કેસ નોંધાયો નહીં

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ચાંદીપુરાને લઈને શંકાસ્પદ તરીકે નોંધાયેલા બે બાળકોના લેબોરેટરી રિપોર્ટ આજે નેગેટિવ આવતાં આરોગ્ય તંત્ર સહિત શહેરવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ગણપતનગર અને રવિપાર્ક વિસ્તારમાંથી મળેલા બંને શંકાસ્પદ બાળકોના સેમ્પલો તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જેના રિપોર્ટ નેગેટિવ હોવાનું આજે સ્પષ્ટ થયું છે.

ઉલ્લેખનીય છે કે ચાંદીપુરા વાયરસની શંકાને પગલે ત્રણ બાળકોને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખાસ અલગ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં એક બાળકનું શનિવારે રાત્રે દુઃખદ અવસાન થયું હતું, જ્યારે અન્ય બે બાળકો હાલ સારવાર હેઠળ છે. તેમાંથી એક બાળક વેન્ટિલેટર



તસવીરઃ હિરેન ગાંધી

પર છે અને તબીબોની ટીમ તેની સઘન સારવાર કરી રહી છે.

બીજી તરફ સંભવિત સંક્રમણને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સ અને નિવારક કામગીરી હાથ ધરી છે. ગણપતનગર વિસ્તારમાં આશરે ૪૦૦ ઘરોમાં તેમજ રવિપાર્ક વિસ્તારમાં ૧૪૨ ઘરોમાં આરોગ્ય સર્વે કરવામાં આવ્યો હતો. આ દરમિયાન દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ માખીજન્ય સંક્રમણ પર નિયંત્રણ માટે જરૂરી દવાઓનો છંટકાવ સહિતની કામગીરી પણ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના સર્વે દરમિયાન અત્યાર સુધી ચાંદીપુરા વાયરસનો અન્ય કોઈ શંકાસ્પદ કેસ સામે આવ્યો નથી. ઉપરાંત અન્ય કોઈ ચેપી બીમારીના કેસ પણ નોંધાયા નથી.

# ધ્રોલમાં ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમનાર ઝડપાયો

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ કાથળભાઈ મકવાણાને પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે ધ્રોલના મેમણચોક વિસ્તારમાં આવેલી રોયલ ટચ દુકાનની બહાર ઇમરાનભાઈ સલીમભાઈ દેદરાણી (ઉંમર ૩૮), રહે. મેમણચોક, દેરાસર શેરી, પોતાના મોબાઇલમાં ભારત-ઈગ્લેન્ડ વન-ડે ક્રિકેટ મેચ પર પૈસાની હારજીતનો ઓનલાઈન જુગાર રમી રહ્યો છે.

બાતમીના આધારે પંચોની હાજરીમાં રેડ પાડતા આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેના રિયલમી કંપનીના મોબાઇલમાં વેબસાઇટ પર તેની આઈડી ખુલ્લી મળી હતી. તેમાં ભારત-ઈગ્લેન્ડ વન-ડે મેચમાં ઈંગ્લેન્ડની તરફેણમાં રૂ. ૨૦ હજારનો દાવ લગાડેલો હોવાનું સામે આવ્યું હતું. આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે ઇંગ્લેન્ડ જીતે તો રૂ. ૧૭ હજારનો નફો મળે તે માટે દાવ લગાવ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી રૂ. ૫ હજારની રોકડ અને રૂ. ૧૦ હજાર કિંમતનો મોબાઇલ કબ્જે કરી કુલ રૂ. ૧૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ઓનલાઈન સટ્ટા માટેની આઈડી અમદાવાદના દિનેશભાઈ તુલશીભાઈ સોમૈયા પાસેથી મેળવી હોવાનું જણાવ્યું હતું.

આથી પોલીસે આરોપી સામે સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે તેમજ આઈડી પૂરી પાડનાર અને તપાસ દરમિયાન નામ ખુલનારા અન્ય શખ્સોની સંડોવણી અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં રહસ્યમય સંજોગોમાં વેપારીએ સાતમા માળેથી લગાવી મોતની છલાંગ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં આવેલા ડિવાઇન કોમ્પ્લેક્સમાં સોમવારે સવારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, કોમ્પ્લેક્સમાં આવેલ 'હોકો આઈસ્ક્રીમ પાર્લર' ના સંચાલક આશરે ૩૫ વર્ષીય જયેશભાઈ માલદેભાઈ બડીયાવદરા (આહીર)એ કોમ્પ્લેક્સના સાતમા માળેથી કૂદી જતાં તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના ગોકુલનગરના સાંઢિયા પુલ રોડ પર આશાપુરા હોટેલ નજીક આવેલા ડિવાઇન કોમ્પ્લેક્સમાં બની હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક લોકો



તસવીરઃ હિરેન ગાંધી

મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને

અનુ પાના નં.૨ પર

# ડેરી આંબરડી ગામે જંતુનાશક દવા છાંટતી વખતે યુવતિનું મોત

## કલ્યાણપુરના રાવલના યુવાને ખાધો ગળાફાંસો

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ડેરી આંબરડી ગામમાં ખેતીકામ દરમિયાન જંતુનાશક દવાની ઝેરી અસર થતાં ખુશાલીબેન દિનેશભાઈ પીપરોતર (ઉ.વ. ૧૮ )નું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. તા.૧૬ જુલાઈના રોજ ખુશાલીબેન પોતાની ખેતીની જમીનમાં મગફળીના પાકમાં નીંદણનાશક દવા છાંટી રહી હતી. દરમિયાન ઝેરી દવાની અસર થતાં તેની તબિયત બગડી હતી. સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ અંગે માતા હીરીબેન દિનેશભાઈ પીપરોતરની જાણના આધારે શેઠવડાળા પોલીસ મથકે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી, પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે હનુમાનધાર વિસ્તારમાં રહેતા લખમણભાઈ સામતભાઈ ચૌહાણ નામના ૨૦ વર્ષના કોળી યુવાને શનિવારે કોઈ અગમ્ય કારણોસર એક વાડામાં સાગના ઝાડની ડાળીમાં સાંકળ બાંધીને પોતાના હાથે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પિતા સામતભાઈ રામશીભાઈ ચૌહાણએ કલ્યાણપુર પોલીસને કરી છે.

# કાલાવડ તાલુકાના નપાણીયા ખીજડિયા ગામે હજારો ખેડૂતોનું સંમેલનઃ જેટકો સામે હક્કની લડતનું એલાન : પાકને નુકસાન

## ટાવર અને વીજ લાઇનના યોગ્ય વળતર-ભાડાની માંગ સાથે ખેડૂતો આંદોલનના મૂડમાં

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના નપાણીયા ખીજડિયા ગામે જેટકો દ્વારા ખેતીની જમીનમાંથી પસાર કરાતી હાઈટેન્શન વીજ લાઇન અને ટાવરના વિરોધમાં હજારો ખેડૂતોનું એક વિશાળ સંમેલન યોજાયું હતું. જેમાં નપાણીયા ખીજડિયા, મૂરીલા, જાલાસણ, જામવાળી અને સણોસરા સહિતના અનેક ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ખેડૂતોનો આક્ષેપ છે કે આ હાઈટેન્શન લાઇનના કારણે ખેતીના આધુનિક સાધનોનો ઉપયોગ મુશ્કેલ બન્યો છે અને જમીનની ઉત્પાદકતા ઘટવા સાથે મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

આ સંમેલનમાં ખેડૂતોએ




સરકારી નિયમોનુસાર જમીનના ઉપયોગ બદલ યોગ્ય વળતર અને નિયમિત ભાડું ચૂકવવાની ઉગ્ર માંગ કરી હતી. ખેડૂત આગેવાનોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો સરકાર અને જેટકોના અધિકારીઓ દ્વારા તાત્કાલિક કાયદેસરની ચૂકવણી અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં તમામ ગામોને સાથે રાખીને જિલ્લા અને રાજ્ય કક્ષાએ લોકશાહી ઢબે વધુ ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

આ આંદોલનને વ્યાપક બનાવવા માટે ગ્રામ્ય સ્તરે વધુ આયોજનો કરવાની રૂપરેખા પણ ચર્ચા શિબિરમાં તૈયાર કરવામાં આવી હતી.

# જામ્યુકોના જનરલ બોર્ડમાં પ્રી-મોન્સૂન કામગીરી અને ટીપી સ્કીમ મુદ્દે ભારે હોબાળોઃ વિપક્ષની પસ્તાળ

## વોટરવર્કસ, સેનિટેશન સહિત ૧૩ સમિતિઓની રચના વચ્ચે વિપક્ષે શાસકોને ઘેર્યાઃ કેનાલોની સફાઈ માત્ર કાગળ પર અને બિલ્ડરોને ફાયદો કરાવવા હેતુફેર કરાતો હોવાનો ગંભીર આક્ષેપ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા (જનરલ બોર્ડ) ગઈકાલે મેયર મોનિકાબેન વ્યાસના અધ્યક્ષસ્થાને ભારે તોફાની અને ચર્ચાસ્પદ રહી હતી. આ બોર્ડમાં વોટરવર્કસ, સેનિટેશન, લાઇટ, ટાઉન પ્લાનિંગ સહિતની મહત્વની ૧૩ સમિતિઓની રચના અને સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી. જો કે, સભાની શરૂઆતથી જ વિપક્ષી સભ્યોએ શહેરમાં પ્રી-મોન્સૂન (ચોમાસા પૂર્વેની) નબળી કામગીરી, કેનાલોની અપૂરતી સફાઈ અને ટીપી સ્કીમમાં થતી ગેરરીતિઓ મુદ્દે શાસક પક્ષ પર આકરા પ્રહારો કરીને બોર્ડ ગજવ્યું હતું. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે શહેરમાં પાણીના નિકાલની કેનાલોની સફાઈ માત્ર કાગળ પર જ થઈ છે અને ચોક્કસ બિલ્ડરોના ફાયદા માટે પ્લોટના હેતુફેર (ઝોન ફેરફાર) કરવામાં આવી રહ્યા છે.



તસવીરઃ હિરેન ગાંધી

સામાન્ય સભામાં વોર્ડ નંબર ૪ ના કોર્પોરેટરો અને જાગૃત નાગરિકો દ્વારા કેનાલોની યુદ્ધના ધોરણે સફાઈ કરવા બાબતે કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હોવાનો મુદ્દો પણ ગાજ્યો હતો. વિપક્ષી સભ્યોએ રજૂઆત કરી હતી કે ભીમવાસ અને સ્વામિનારાયણ નગર આસપાસની મુખ્ય કેનાલો કચરાથી ભરાયેલી હોવા છતાં કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા માત્ર ઉપર-ઉપરથી સફાઈ કરીને સંતોષ માની લેવાયો છે. વિપક્ષે સવાલ ઉઠાવ્યો હતો કે કરોડો રૂપિયાના પ્રી-મોન્સૂન ટેન્ડરો બહાર પાડવા છતાં જો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાશે તો તેની જવાબદારી કોની રહેશે? આ ઉપરાંત, ટાઉન પ્લાનિંગ સ્કીમમાં બિલ્ડરોના હિત સાધવા માટે થતી ફેરવિચારણા અંગે પણ શાસકોને આડે હાથ લેવામાં આવ્યા હતા.

બોર્ડની આ બેઠકમાં વધુ એક આકર્ષણ અને ચર્ચાનો વિષય પોલીસ જાપતો રહ્યો હતો. વોર્ડ નંબર ૧૨ ના પૂર્વ વિપક્ષી નેતા અને કોર્પોરેટર અલ્તાફ ખફી કોઈ કાનૂની બાબતોને લીધે પોલીસ જાપતા સાથે સામાન્ય સભામાં હાજર રહ્યા હતા. તેઓ બોર્ડમાં આવતા જ કોર્પોરેટર રચનાબેન (અર્ચનાબેન) દ્વારા તેઓને રોકીને વોર્ડની જુદી-જુદી સમિતિઓની નિમણૂક સામે વિરોધ નોંધાવવા તેમજ રૂપિયા ૧૫ લાખથી વધુની નાણાકીય સહાય પર મંજૂરી આપવા માટે રજૂઆત કરવા જણાવ્યું હતું. વિપક્ષના જોરદાર વિરોધ અને આક્ષેપો વચ્ચે શાસક પક્ષે બહુમતીના જોરે સમિતિઓની નિમણૂકના પ્રસ્તાવો પસાર કરી દીધા હતા, પરંતુ પ્રી-મોન્સૂનની નબળી કામગીરીએ શાસકો અને વહીવટી તંત્રની પોલ ઉઘાડી પાડી હતી.

# પડાણા નજીકથી પકડાયેલ શંકાસ્પદ પાવડર ડ્રગ્સ હોવાનો એફએસએલનો રિપોર્ટ આવતા ગુન્હો નોંધાયો

**સમય સંદેશઃ જામનગર**

પંજાબ રાજ્યમાંથી જામનગર જિલ્લામાં ડ્રગ્સ ઘુસાડવાના કારસ્તાનનો પર્દાફાશ કરી પોલીસે તા.૮ માર્ચના રોજ પરપ્રાંતીય મજૂરોને છૂટકમાં જથ્થો વેચતા ત્રણ શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. જે તે વખતે સેમ્પલ લઈ ગાંધીનગર મોકલાયા હતા. આ પ્રકરણમાં એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ હવે મેઘપર પોલીસ મથકમાં ૪ શખ્સો સામે ગુનો નોંધાયો છે. ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના પરીક્ષણ અહેવાલમાં જપ્ત કરાયેલ શંકાસ્પદ પદાર્થ હેરોઈન (ઓપીયમ ડેરિવેટિવ્ઝ) હોવાનું સામે આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૮ માર્ચ, ૨૦૨૬ના રોજ મેઘપર (પડાણા) પોલીસને બાતમી મળી હતી કે પડાણા ગામે પાણીના ટાંકા પાસે આવેલી ભાડાની ઓરડીમાં રહેતા ત્રણ પંજાબી શખ્સો માદક પદાર્થનો જથ્થો રાખી વેચાણ અર્થે બેઠા હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે રેડ પાડી હતી. જે તે વખતે પ્રભશેરસીંગ સવેદરસીંગ શીખ ( રહે. હાલ પ ડાણા ગામ, જી.અમ્રૂતસર, પંજાબ), શેરસીંગ ઉર્ફે શેરા ગુરદેવસીંગ શીખ (રહે. પડાણા ગામ, મુળ રહે. ભોમાન ગામ, તા.બટાલા જી.ગુરદાસપુર, પંજાબ), દીલબાગસીંગ બચ્ચનસીંગ શીખ (ઉ.વ.૪૪ પડાણા ગામ, મૂળ રહે. ચીમાબાઠ ગામ, તા.બાબા બકાલા થાના-બ્યાસ જી.અમ્રૂતસર, પંજાબ) ને પકડી પાડ્યા હતા.

તપાસમાં મનાસીંગ મુખાસીંગ (રહે.બોપારાઈ ગામ, જી.અમ્રુતસર, રાજ્ય પંજાબ) ની સંડોવણી સામે આવી હતી. ત્રણ શખ્સોની અંગઝડતી દરમિયાન કુલ ૬.૨૩ ગ્રામ શંકાસ્પદ પદાર્થ, ચાર મોબાઇલ ફોન, ઇલેક્ટ્રોનિક વજન કાંટો અને રોકડ રૂ.૧,૫૧૦ મળી આવ્યા હતા. સ્થળ પર એફ.એસ.એલ. અધિકારી દ્વારા કરાયેલા પ્રાથમિક પરીક્ષણમાં પદાર્થ શંકાસ્પદ જણાતા તમામ નમૂનાઓ ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવ્યા હતા. એફ.એસ.એલ.ના પરીક્ષણ અહેવાલમાં જપ્ત કરાયેલ પદાર્થ હેરોઈન (બ્રાઉન સુગર) હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે તેની કિંમત અંદાજે રૂ.૧.૨૪ લાખ ગણાવી આરોપીઓ સામે બીએનએસન એક્ટની કલમ ૮(સી), ૨૧(બી) અને ૨૯ હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસ તપાસમાં આરોપી પ્રભશેરસિંહ સવેદરસિંહે કબૂલ્યું હતું કે તે પોતાના વતન પંજાબના અમૃતસર જિલ્લાના બોપારાઈ ગામમાં રહેતા મનાસિંહ પાસેથી હેરોઈન (બ્રાઉન સુગર) લઈને આવ્યો હતો.

ત્યારબાદ પ્રભશેરસિંહ, શેરસિંહ ઉર્ફે શેરા અને દિલબાગસિંહ ત્રણેય મળીને પડાણા ગામમાં રહેતા પરપ્રાંતીય મજૂરોને વેંચતા હતા. પોલીસે પંજાબના સપ્લાયર મનાસિંહ સહિત સમગ્ર ડ્રગ્સ સપ્લાય ચેઇનની કડી સુધી પહોંચવા તપાસનો દોર આગળ વધાર્યો છે.

# જામવાડીમાં ઘરમાં ઘુસી યુવક ઉપર ચાર શખ્સનો હુમલો



**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના જામવાડી ગામના રબારીવાડામાં રહેતા જયેશભાઈ વસ્તાભાઈ કોડિયાતર (ઉ.વ. ૨૯)ની ફરિયાદના આધારે જામજોધપુર પોલીસ મથકે કમાભાઈ ભીખાભાઈ મકવાણા, ભીમા કમાભાઈ મકવાણા, પાંચા કારાભાઈ મકવાણા અને નારણભાઈ કારાભાઈ મકવાણા (તમામ રહે. વાનાવડ, તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા) સામે ગુનો નોંધ્યો છે. આરોપી ભીમા મકવાણાના ટ્રેક્ટરો ફરિયાદીના ઘર પાસેથી પસાર થતાં સમયે ઊંચા અવાજે ગીતો વગાડવામાં આવતા હતા. ફરિયાદીએ ગીતો બંધ કરવા અથવા અન્ય રસ્તેથી ટ્રેક્ટર લઈ જવા કહેતા બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતનો ખાર રાખી તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૨ વાગ્યે ચારેય આરોપીઓ ટ્રેક્ટરમાં તલવાર, ધારિયું અને લાકડીઓ જેવા જીવલેણ હથિયારો સાથે ફરિયાદીના ઘરે ઘૂસી આવ્યા હતા. આરોપીઓએ ફરિયાદી પર હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો તેમજ ફરિયાદીની માતાને પણ માર મારી ઈજાગ્રસ્ત કર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

# ભરચોમાસે ખોદકામથી જામનગરના રહીશો પરેશાનઃ પાલિકાની કામગીરી સામે સવાલો

## કાજીના ચકલાથી શેતાવડ સુધીના માર્ગ પર ઠેર-ઠેર ખોદકામથી રાહદારીઓ-વાહનચાલકોને પારાવાર મુશ્કેલી

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરમાં એક તરફ ચોમાસું ચાલી રહ્યું છે ત્યારે બીજી તરફ જામનગર મહાનગરપાલિકા દ્વારા ભરચોમાસે જ ગટરના કામ, પાણીની પાઇપલાઇન સમી કરવી, ગેસ પાઇપલાઇન માટે રસ્તા ખોદવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કાજીના ચકલાથી શેતાવડ સુધી અને મામા સાહેબના મંદિરથી આણદાબાવા ચકલા સુધી વિસ્તારમાં ગટરલાઈનના કામ, પાણીની પાઇપલાઇન નાખવી માટે રસ્તો ખોદી નાખવામાં આવ્યો હોવાના આક્ષેપો સ્થાનિકોએ કર્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, સાંકળી શેરીઓમાં રસ્તો ખોદી દેવાતા વરસાદી પાણી ભરાઈ રહે તેવી શક્યતા છે. કાદવ, ખાડા અને લપસણાં માર્ગોના કારણે રોજિંદા અવરજવર કરવી મુશ્કેલ બની ગઈ છે. વૃદ્ધો, મહિલાઓ, બાળકો તેમજ ટુ વ્હીલર વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક સ્થળોએ રાહદારીઓને


તસવીરઃ હિરેન ગાંધી



પસાર થવા માટે પણ પૂરતી જગ્યા બચી નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે ચોમાસા પહેલાં આવા વિકાસના કામો પૂર્ણ કરવાની જરૂરિયાત હોવા છતાં પાલિકાએ વરસાદી સીઝનમાં જ ખોદકામ શરૂ કર્યું છે. આ માર્ગ પરથી મોટી હવેલી તરફ દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અવરજવર કરે છે. રસ્તાની હાલત બગડતા દર્શનાર્થીઓને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે ખરાબ રસ્તાના કારણે ગ્રાહકોની અવરજવર પર પણ અસર પડી રહી છે. સ્થાનિકોના દાવા મુજબ છેલ્લા એકાદ અઠવાડિયાથી કામ સંપૂર્ણપણે બંધ પડ્યું છે. રસ્તો ખોદી રાખ્યા બાદ કોઈ કામગીરી ન થતાં લોકોમાં અસંતોષ વધ્યો છે. અધૂરું કામ અને ખુલ્લા ખાડાઓના કારણે વરસાદી દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. રહીશોએ મહાનગરપાલિકા સમક્ષ માંગ કરી છે કે ગટરના કામને તાત્કાલિક ફરી શરૂ કરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે અને રસ્તાનું પુનઃનિર્માણ ઝડપથી કરવામાં આવે, જેથી સ્થાનિકો, વેપારીઓ, રાહદારીઓ અને દર્શનાર્થીઓને હાલાકીમાંથી રાહત મળી શકે.

# જામનગરમાં ફૂડ શાખા ૪૧ પેઢીઓમાં ચેકિંગ કરી ૬૮ કિલો વાસી ખોરાકનો નાશ કરાયો, તેલના સેમ્પલ લેવાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ શહેરીજનોના સ્વાસ્થ્યની સુખાકારી માટે ફૂડ શાખા દ્વારા એક વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત ફૂડ સેફ્ટી ઓફિસર્સની ટીમે શહેરના બેડેશ્વર, રણજીતનગર, કાલાવડ નાકા બહાર, પાંચ હાટડી, ઢીંચડા રોડ, ખોડીયાર કોલોની, પટેલ કોલોની અને પેલેસ રોડ જેવા વિવિધ વિસ્તારોમાં આવેલી હોટેલ-રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનો, નોનવેજ શોપ, રેકડીઓ તેમજ આઈસ ફેક્ટરીઓ સહિત કુલ ૪૧ પેઢીઓમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ ચેકિંગ દરમિયાન ૬૮ કિલો વાસી ખાદ્ય પદાર્થોનો જથ્થો અનહાઇજેનિક કન્ડિશનમાં મળી આવતા સ્થળ પર જ તેનો નાશ કરવામાં આવ્યો હતો, તેમજ પેકિંગ માટે વપરાતી ૬ કિલો પ્રતિબંધિત પ્રિન્ટેડ પસ્તીનો પણ નાશ કરાયો હતો. આ ઉપરાંત, આઈસ ફેક્ટરીઓમાં સ્વચ્છતા જાળવવા અને પાણીમાં નિયમિત ક્લોરીનેશન કરવા કડક સૂચના આપવામાં આવી છે.

આ કામગીરી દરમિયાન ફૂડ શાખાની ટીમ દ્વારા એક ફરિયાદના આધારે ઓચિંતું ઈન્સ્પેક્શન કરીને 'ફોર્ચ્યુન રિફાઇન્ડ કપાસિયા તેલ' (૮૭૦ ગ્રામનું પેક પાઉચ) નું સેમ્પલ મેળવી તેને પૃથ્થકરણ અર્થે વડોદરાની ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી છે. આ સાથે જ, આગામી અષાઢી બીજના તહેવારોને ધ્યાને રાખીને અન્ય ૩ પેઢીઓમાંથી મીઠાઈના નમૂના લેવાની કાર્યવાહી પણ કરવામાં આવી છે. મનપાની ફુડ શાખા દ્વારા ઓનલાઈન, ઓફલાઈન તેમજ ટેલિફોનિક માધ્યમથી મળતી તમામ ફરિયાદોનો ત્વરિત નિકાલ કરીને હેલ્થી અને હાઇજેનિક ફૂડના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.


તસવીરઃ હિરેન ગાંધી




# દરેડ GIDC કારખાનાની ભઠ્ઠીમાં પ્રચંડ ધડાકોઃ આગની લપેટમાં આવી જતાં ૪ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયાં

## ઔદ્યોગિક વસાહતમાં બ્લાસ્ટથી ભારે અફરાતફરીઃ બે શ્રમિકો જિંદગી અને મરણ વચ્ચે જોલા ખાતા આઈસીયુમાં, પંચકોશી બી ડિવિઝન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઔદ્યોગિક હબ ગણાતા દરેડ જીઆઈડીસી ફેઝ-૩ વિસ્તારમાં ગઈકાલે એક કારખાનામાં કાળમુખો અકસ્માત સર્જાયો હતો. ફેક્ટરીની ભઠ્ઠીમાં અચાનક જ કોઈ અગમ્ય કારણોસર ભયાનક બ્લાસ્ટ થતાં સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. આ પ્રચંડ ધડાકા સાથે ફાટી નીકળેલી અગનજ્વાળાઓમાં ત્યાં ફરજ પર હાજર ચાર પરપ્રાંતીય મજૂરો ગંભીર રીતે લપેટાઈ ગયા હતા. બ્લાસ્ટ એટલો તીવ્ર અને અચાનક હતો કે કારખાનામાં કામ કરતા શ્રમિકોને જીવ બચાવીને ભાગવાની કે સંભાળવાની સહેજ પણ તક મળી ન હતી. ઘટનાને પગલે ફેક્ટરી પરિસરમાં ચીસાચીસ અને દોડધામનો માહોલ સર્જાયો હતો.

ધડાકાનો અવાજ સાંભળીને આજુબાજુના કારખાનાના શ્રમિકો અને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોહીલુહાણ અને ગંભીર રીતે દાઝી ગયેલા ચારેય શ્રમિકોને વિલંબ કર્યા વિના તાબડતોડ જામનગરની ગુરુ ગોવિંદસિંઘ (જી.જી.) હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબી સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર,



તસવીરઃ હિરેન ગાંધી

અનુ પાના નં.૨ પર

# કોર્પોરેટરની હત્યાના પ્રયાસ કેસમાં પૂર્વ વિપક્ષી નેતાની જામીન અરજી રદ્દ કરતી સેશન્સ કોર્ટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અને કોર્પોરેશનના પુર્વ વિપક્ષી નેતા ઉપર હુમલો અને તેની હત્યાના પ્રયાસના કેસમાં ચાર્જશીટ થઈ ગયા બાદ બે આરોપીઓ હાઈકોર્ટમાંથી જામીન મુક્ત થયા હોવાથી પોતાને ઇં- સરખામણીનો લાભ મળે તે માટે કેસના અન્ય આરોપી અને વોર્ડ-૧૨ના જ અન્ય કોર્પોરેટર અને અન્ય પુર્વ વિપક્ષી નેતાએ કરેલી જામીન અરજી સેશન્સ અદાલતે રદ કરી છે.

કોંગ્રેસ છોડીને આપમાં જોડાયેલા વોર્ડ નંબર-૧૨ના કોર્પોરેટર અસલમ ખીલજી ઉપર હુમલો અને હત્યાના પ્રયાસના ડિસેમ્બર-૨૦૨૫ના કેસમાં અન્ય ચાર આરોપીઓ ઉપરાંત પુર્વ વિપક્ષી નેતા અને વોર્ડ-૧૨ના કોર્પોરેટર અલ્તાફ ખફીની ધરપકડ થઈ હતી. જે બાદ જેલમાં રહેલા પુર્વ વિપક્ષી નેતા અલ્તાફભાઈ ખફીએ સેશન્સ અદાલતમાં જામીન અરજી કરી હતી. જેમાં જણાવાયું હતું કે, આ કેસમાં ચાર્જશીટ થઈ ગઈ છે.

પોતાનો સક્રિય રોલ નથી, રાજકીય રાગદ્વેશથી ફરિયાદ થઈ છે, બે આરોપીઓ હાઈકોર્ટ દ્વારા જામીન મુક્ત થયા છે. તેથી પોતાને સરખામણીનો લાભ મળવો જોઈએ. આ જામીન અરજીના વિરોધમાં સરકારી વકીલ રાજેશભાઈ વશીયરએ અદાલતને રજુઆત કરી હતી કે, આરોપી

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com